અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગના નિયંત્રણ હેઠળની કચેરીઓમાંથી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. માં સમાવિષ્ટ (Absorb) થયેલ અધિકારી/કર્મચારીઓને કુટુંબ પેન્શન આપવા બાબત.

ગુજરાત સરકાર
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૨૨૦૧૪/૨૪૬/અ(પાર્ટ ફા.૨)
સચિવાલય,ગાંધીનગર
તા. ૧૦/૭/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

(૧) અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગનો તા.૫/૧૨/૧૯૮૮નો ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૮૮/૩૭૮૫/અ

(૨) અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગનો તા.૩૦/૬/૧૯૮૯નો ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૮૮/૩૭૮૫/૨/અ

(૩) નાણા વિભાગનો તા.૧/૪/૧૯૮૯નો ઠરાવ ક્રઃએસએમવી/૩૭૮૦/જીઓઆઇ/૭૧/પી

(૪) નાણા વિભાગનો તા.૨૦/૭/૨૦૦૨નો પરિપત્ર ક્રઃએનવીટી/૧૧૯૬/જીઓઆઇ/૧૦/ડી.૨૬૧/પી

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમ-૧ અને ૨ સામેના ઠરાવોથી અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગના નિયંત્રણ હેઠળની કચેરીઓના અધિકારી/ કર્મચારીઓએ આપેલ વિકલ્પ મુજબ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. માં કાયમી ધોરણે સમાવિષ્ટ (Absorb) કરવાનો નિર્ણય કરેલ હતો.

આ કર્મચારીઓને વંચાણે લીધેલ ક્રમ.૪ સામેના નાણા વિભાગના તા.૨૦/૭/૨૦૦૨ના ઠરાવથી ⅓ પેન્શન પુનઃ સ્થાપન કરવામાં આવેલ હતુ પરંતુ કુટુંબ પેન્શનના લાભો આપવામાં આવેલ ન હતા. આથી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.માં સમાવિષ્ટ કેટલાંક કર્મચારીઓ દ્વારા કુટુંબ પેન્શન માટે નામદાર હોઇકોર્ટનો આશરો લેવામાં આવેલ જેમાં ચુકાદો અરજદારોની તરફેણમાં આવતાં નાણાં વિભાગ દ્વારા કુટુંબ પેન્શન ચૂકવવા મંજુરી આપેલ હતી ત્યારબાદ અન્ય કેટલાક અરજદારો દ્વારા પણ કોર્ટ કેસ કરવામાં આવેલ છે જે ધ્યાને લઇ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.માં સમાવિષ્ટ થયેલ રાજય સરકારના અધિકારી/ કર્મચારીઓ કે જેમને પુનઃ સ્થાપન પેન્શન આપવામાં આવેલ છે તેમને કુટુંબ પેન્શનનો લાભ આપવાની નીતિ-વિષયક નિર્ણય કરવાની વિચારણા કરવામાં આવેલ.

**ઠરાવઃ-**

આથી પુખ્ત વિચારણાને અંતે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગના નિયંત્રણ હેઠળની કચેરીઓમાંથી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.માં સમાવિષ્ટ થયેલ અધિકારી/ કર્મચારીઓ કે જેમને પુનઃ સ્થાપન પેન્શન મંજુર કરવામાં આવેલ છે તેઓને કુટુંબ પેન્શનનો લાભ આપવાનું ઠરાવવામાં આવે છે.

A

આ નિર્ણય અંગે નીચે મુજબની કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવે છે.

(૧) નિયામક,અન્ન નાગરિક પુરવઠા કચેરી દ્વારા નિગમમાં સામાવિષ્ટ થયેલ કર્મચારી પાસેથી અરજી મેળવવાની રહેશે. અરજી સાથે કર્મચારીના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ તથા નમુનાની સહીની ત્રણ નકલો તથા ઓળખ ચિન્હની નિશાનીની પ્રમાણિત ત્રણ નકલો બીડવાની રહેશે. મૃત્યુના કિસ્સામાં કર્મચારીના કુટુંબના સભ્ય/વારસદાર પાસેથી નમુનાની સહીની ત્રણ નકલો અને ઓળખ ચિન્હની પ્રમાણિત ત્રણ નકલો મેળવવાની રહેશે.

(૨) અધિકારી/કર્મચારી તરફથી નિયામક, અ.ના.પુ. કચેરીને અરજી મળ્યાબાદ એક માસમાં મળેલ વિગતોની ચકાસણી કરી જે અધિકારી/કર્મચારીની સેવાપોથી ઉપલબ્ધ હોય તો તે અરજી સહિત પ્રતિહસ્તાક્ષર્ઈ કરી પેન્શન અને પ્રો.ફંડ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરને મોકલી આપવાના રહેશે.

(૩) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા આવા અધિકારી/કર્મચારીઓની વિગતની રેકર્ડ આધારિત ખરાઇ કરવાની રહેશે.

(૪) આ સૂચનાઓમાં જરૂર જણાયે વધુ સૂચનાઓ બહાર પાડવામાં આવશે.

આ વિભાગની સમાનઅંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૪/૬/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આ ઠરાવ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ પંચાલ)
નાયબ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૨) સચિવશ્રી,(ખર્ચ) નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૩) અગ્રસચિવશ્રી,અ.ના.પુ.અને ગ્રા.બા. વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૪) નિયામકશ્રી,પેન્શન એન્ડ પ્રો.ફંડની નિયામક કચેરી,ગાંધીનગર
૫) નિયામકશ્રી,અ.ના.પુ.ની કચેરી,સચિવાલય,ગાંધીનગર
૬) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લી. ગાંધીનગર
૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ
૮) એ.જી.કચેરી,રાજકોટ/અમદાવાદ
૯) મુકામી તપાસણી અધિકારી,ગાંધીનગર
૧૦) સેકશન અધિકારીશ્રી,પી-શાખા નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૧૧) સિલેકટ ફાઇલ

A